# નડિયાદ ખાતે કૃષિ સંલગ્ન પોલિટેકનીક અને સ્નાતક અભ્યાસક્રમો વિષે કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયો

ખેડા જીલ્લામાં નડિયાદ ખાતે તા. ૧૨/૦૫/૨૦૨૫ ને સોમવારના રોજ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના કૃષિ, બાગાયત અને અન્ય કૃષિ સંલગ્ન વિષયોમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો તેમજ કારકિર્દીની તકો અંગેની વિસ્તૃત માહિતી આપવા માટે સચોટ માર્ગદર્શન મળી રહે તે હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીની એગ્રીકલ્ચર કોલેજ, વસોના કર્મચારીઓના સહયોગથી શ્રીબાબાસાહેબ આંબેડકર ભવન, નડીઆદ ખાતે વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી, ડૉ. કે.બી. કથીરિયા અને કુલસચિવશ્રી, ડૉ. ગૌતમ આર. પટેલના માર્ગદર્શન હેઠળ આયોજીત આ સેમિનારમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના કૃષિ, બાગાયત અને અન્ય કૃષિ સંલગ્ન વિષયોમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો, પ્રવેશ પ્રક્રિયા, ફીની વિગત, કેમ્પસ ખાતે ઉપલબ્ધ વિવિધ શૈક્ષણિક સુવિધાઓ તેમજ કારકિર્દીની તકો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું. સદર કાર્યક્રમમાં કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલિટેકનીક, આકૃયું, વસોના આચાર્યશ્રી, ડૉ. બી. સી. પટેલ દ્વારા સેમિનારમાં ઉપસ્થિત સર્વે વાલીઓ અને વિદ્યાર્થીઓને આવકારીને કૃષિ સંલગ્ન અભ્યાસક્રમોની મહત્તા અને ઉપયોગીતા અંગે માહિતગાર કર્યા હતા. સેમિનારમાં કૃષિ કોલેજના એકેડેમિક ઇન્ચાર્જશ્રી, ડૉ. એમ. એન. જેગોડા દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન થકી કૃષિ, બાગાયત અને અન્ય કૃષિ સંલગ્ન વિષયોમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો, શૈક્ષણિક સુવિધાઓ તેમજ કારકિર્દીની તકો અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. વધુમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની સ્નાતક અને પોલિટેકનીક કક્ષાએ ચાલતી વિવિધ પ્રવૃતિઓની વિડિયો ક્લીપનું પ્રસારણ તેમજ અભ્યાસક્રમોની માહિતી આપતુ સાહિત્ય પણ વિતરણ કરવામાં આવ્યુ હતું. વધુમાં ડૉ. એન. બી. પવાર, ડૉ. સી. બી. વર્મા અને ડૉ. પી. એસ. પંચાલ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓના એડમીશન અને કૃષિ અભ્યાસક્રમોને લગતા પ્રશ્નોની બાબતે સચોટ માર્ગદર્શન આપીને નિરાકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ કૃષિક્ષેત્રે શિક્ષણ અને તેમાં રહેલ રોજગારીની સંભાવનાઓ વિશે જાગૃતિ લાવવાનો હતો. સદર કાર્યક્રમમાં ખેડા જિલ્લામાંથી બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## કાર્યક્રમના ફોટોગ્રાફ:








